## અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક) કરાર આધારિત ભરતી
## સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર ૧૯ - ગાંધીનગર.

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૨/૦૬/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક: ED/KEF/e-file/3/2025/0574/K અન્વયે શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં **"અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)" અંતર્ગત શાળા ૧૧ માસ માટે કરાર આધારિત "અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયક (પ્રાથમિક)" ની ભરતી માટે પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી** તૈયાર કરવા માટે ઠરાવમાં દર્શાવેલ જોગવાઈ મુજબ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

ઠરાવમાં દર્શાવેલ લાયકાતો મુજબ માત્ર **અંગ્રેજી વિષય સાથે સ્નાતક પરીક્ષા પાસ કરેલ અને રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત દ્વારા કોઈપણ વર્ષમાં લેવાયેલ TET 2 પરીક્ષા ઉમેદવારો** જ અરજી કરી શકશે.

અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતોના યોગ્ય આધારો રજુ કરવાની જવાબદારી ઉમેદવારની રહેશે, જે ઉમેદવાર યોગ્ય આધાર રજુ કરી શકશે નહિ તેમની શાળા ફાળવણી થઈ શકશે નહી.

ઠરાવમાં દર્શાવેલ નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૦૪/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના ૨.૦૦ કલાક થી ૧૦/૦૮/૨૦૨૬ ૨૩:૫૯ કલાક સુધી https://pregyansahayak.ssgujarat.org/ વેબસાઈટ પર મૂકવામાં આવેલ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.